ખેડબ્રહ્મા

# નગરવાણી

નગરવિકાસમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરતું સામયિક　　વર્ષ-૨, અંક-૧૦, સળંગ અંક-૧૪　　ઑક્ટોબર, ૨૦૦૫

**પાલિકાની પગદંડીએ**

## પાલિકાના નિર્ણયો

ખેડબ્રહ્મા નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક તા.૨૯.૮.૦૫ને સોમવારના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે મળી હતી. તેમાં નગરપાલિકાના પ્રમુખ શ્રી નવનીતકુમાર બી. રાવલ ઉપરાંત ૧૨ સભ્યો હાજર રહ્યા હતા. પ્રમુખના અધ્યક્ષ સ્થાને આ બેઠકનું કામકાજ ચાલ્યું હતું. આ બેઠકમાં જે કંઈ નિર્ણયો લેવાયા તેને અંગેની વિગતો નીચે મુજબ છે:

**(૧) સફાઈ કામદારો માટે વીમા કવચ:**

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે એક ઠરાવ ખેડબ્રહ્મા નગરપાલિકાને મોકલ્યો છે. તા.૨૫.૭.૦૫ના રોજ મોકલવામાં આવેલા ઠરાવમાં સફાઈ કામદારોને વીમા કવચ પૂરું પાડવા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બેઠકમાં આ ઠરાવ વાંચવામાં આવ્યો હતો અને અન્ય નગરપાલિકાઓમાંથી માહિતી મેળવીને ખેડબ્રહ્મા નગરપાલિકામાં પણ તેનો અમલ કરવો તેમ ઠરાવવામાં આવ્યું હતું.

**(૨) જિલ્લા આયોજન મંડળ:**

સાબરકાંઠાના સંસદ સભ્ય શ્રી લેખરાજ બચાણીના સંસદ સભ્ય ભંડોળમાંથી ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામો કરવા માટે જિલ્લા આયોજન મંડળમાંથી વહીવટી મંજૂરી આપતો ઠરાવ તા.૧૮.૮.૦૫ના રોજ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ નગરપાલિકાને પ્રાપ્ત થયો છે અને આ ફંડમાંથી વિકાસનાં કામો અંગે ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામ આગળ ધપાવવા માટે ઠરાવવામાં આવ્યું હતું.

**(૩) સરદાર ચોક સુધીનો રસ્તો:**

ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા તા.૨૪.૮.૦૫ના રોજ એક દફ્તરી હુકમ કરવામાં આવ્યો છે. આ હુકમમાં ખેડબ્રહ્મામાં રાજ્ય ધોરી માર્ગથી સરદાર ચોક સુધીના રસ્તાને પહોળો કરવા માટેની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ અંગે જરૂરી તમામ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

**(૪) નામફેરની અરજીઓ:**

ખેડબ્રહ્મા નગરમાં જુદા જુદા પ્લોટ અને સર્વે નંબરમાં મિલકતની તબદીલી માટે નામફેરની ૨૭ અરજીઓ આવી હતી. આ અરજીઓ મંજૂર કરવામાં આવી.

**(૫) રખડતાં ઢોર:**

નગરપાલિકાને નગરમાં રખડતાં ઢોર પકડવા માટે નગરજનોએ અરજી આપી હતી. રખડતાં ઢોર બજારમાં જાહેર રસ્તાઓ ઉપર આમતેમ ફરતાં હોય છે. તેથી આમ જનતાના ચાલવાના તેમ જ ટ્રાફિકમાં ભારે મુસીબતનો સામનો કરવો પડતો હોય છે. આથી આ બેઠકમાં રખડતાં ઢોરોને પકડવા માટે અને તેમને ડબ્બામાં પૂરવા માટે તથા પાંજરાપોળમાં મોકલી આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી માટે જે કંઈ ખર્ચ થાય તે નગરપાલિકાના સ્વભંડોળમાં પાડવાનું પણ ઠરાવવામાં આવ્યું હતું.

**(૬) ભારે વરસાદમાં તૂટી પડેલા કૂવા માટે સહાય:**

ખેડબ્રહ્માના સર્વે નં-૩૪૧માં નાગરિક શ્રી નિરવકુમાર રામાભાઈ પટેલનો ખેતી માટે ઉપયોગી કૂવો ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે તૂટી પડ્યો હતો અને તેમાં પૂરાણ થઈ ગયું હતું. આ અંગે જરૂરી સહાય મેળવવા માટેની અરજી નિરવકુમારે તથા અન્ય ખેડૂતોએ કરી હતી. તલાટીએ આ અંગેની નુકસાનીનું પંચનામું તા.૧૬.૮.૦૫ના રોજ કર્યું હતું. પંચનામામાં જણાવવામાં આવ્યા અનુસાર આ કૂવો પડી જવાને લીધે અને તેમાં પુરાણ થઈ જવાને લીધે ખેડૂતોને રૂ. ૧,૩૮,૦૦૦નું નુકસાન થયું છે. આ અંગે નગરપાલિકાએ સરકારને અસરગ્રસ્તોને સહાય આપવા એક ઠરાવ કર્યો હતો.

**(૭) જાહેર મૂતરડીની વ્યવસ્થા:**

લક્ષ્મીપુરા ચાર રસ્તાની આજુબાજુના વિસ્તારમાં જાહેર મૂતરડી ઊભી કરવા માટેની માગણી વિસ્તારના નાગરિક શ્રી રમણભાઈ પૂંજાભાઈ પટેલ તેમ જ અન્ય નાગરિકોએ કરી હતી. ખેડબ્રહ્માથી વડાલી જતા રસ્તા ઉપરની જમીનમાં આ મૂતરડીનું બાંધકામ કરવા માટે જમીન વેચાણે મેળવવા અને તેના ઉપર મૂતરડીનું બાંધકામ કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.

**(૮) સુવાક્યો માટેનાં બોર્ડ:**

નગરપાલિકા વિસ્તારમાં રાજ્ય ધોરી માર્ગથી સરદાર ચોક સુધીના વિસ્તારમાં ઊભા કરવામાં આવેલા સોડિયમ લાઈટોના થાંભલા ઉપર સુવાક્યો દર્શાવતાં બોર્ડ મૂકવા માટેની માગણી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા કરવામાં આવી હતી. તેમને આ બોર્ડ મૂકવા માટે નગરપાલિકાએ મંજૂરી આપતો ઠરાવ કર્યો છે.

**(૯) બિન-ખેતીની જમીન ઉપર પાણીની સુવિધા:**

સર્વે નં-૫/૧માં કેટલાક નાગરિકોએ મકાનોમાં નિવાસ શરૂ કર્યો છે. આ જમીનો બિન-ખેતીની જમીનો છે. આ વિસ્તાર નવો છે અને તેથી પીવાના પાણીની સુવિધા નથી. તેથી નાગરિકોએ પાણીની પાઈપલાઈન નાખીને પીવાનું પાણી પૂરું પાડવા માટે

માગણી કરી છે. બેઠકમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે આ બિન-ખેતી સર્વે નંબરના રસ્તાઓ તેમ જ કોમન પ્લોટ અંગેની માહિતી નગરપાલિકાને આ જમીનના મૂળ માલિક સુપરત કરે તે પછી નગરપાલિકા પાણીની પાઈપલાઈન નાખવા માટેની કાર્યવાહી કરવા વિચારશે.

**(૧૦) વૃક્ષારોપણ:**

નગરના વિવિધ રસ્તાઓ ઉપર વૃક્ષારોપણ કરવા માટે તથા છોડવાઓના રક્ષણ માટેના પાંજરાં ઊભાં કરવા માટે અને કાંટાળી વાડ ઊભી કરવા માટે ગુજરાત સરકારના વન વિભાગ તરફથી ૨૦૦૪ના વર્ષમાં નગરપાલિકાને અનુદાન આપવામાં આવ્યું હતું. ખેડબ્રહ્માના રેન્જ ફોરેસ્ટ ઓફિસરે તા.૨૨.૮.૦૫ના રોજ નગરપાલિકાને પત્ર લખીને ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ઊજવાઈ રહ્યું છે ત્યારે આ અંગેનું ખર્ચ કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. આ અંગે જરૂરી ખર્ચ કરવા માટેનો ઠરાવ આ બેઠકમાં કરવામાં આવ્યો હતો.

**(૧૧) વોટર વર્ક્સ:**

વોટર વર્ક્સના કૂવાઓની મોટરોની પાઈપો ઘણી જૂની થઈ ગઈ હોવાથી તેને બદલવાનું જરૂરી છે. આથી ગેલ્વેનાઈઝડ પાઈપોને સ્થાને એચડીપીઈ પાઈપો ખરીદવાનું નક્કી કરવામાં આવે છે. આ ઉપરાંત, નગરપાલિકામાં જુદી જુદી જગ્યાએ કચરો એકત્ર કરવા માટે સિમેન્ટની બનાવેલી કચરાપેટીઓ બનાવવાનું નક્કી કરવામાં આવે છે. આ અંગેનું ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળમાં પાડવાનું ઠરાવવામાં આવ્યું હતું.

**(૧૨) વિકાસલક્ષી કામો:**

શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ નિમિત્તે રાજ્ય સરકારે ૧.૩૦ કરોડ રૂપિયાનાં વિકાસલક્ષી કામો મંજૂર કર્યાં છે. આ અંગેની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. તેના સંદર્ભમાં વિવિધ પ્રકારની કામગીરી માટે વડાલીના સ્થપતિ અને ઈજનેર શ્રી રમણભાઈ પટેલની સેવાઓ એન્જિનિયર તરીકે લેવાનું નગરપાલિકા દ્વારા નક્કી કરાયું છે.

**(૧૩) પગારવધારો:**

નગરપાલિકાના ૯ કર્મચારીઓએ નગરપાલિકામાં તેમની સેવાઓનાં નવ વર્ષ પૂરાં કર્યાં છે. આ કર્મચારીઓએ ઉચ્ચતર પગાર ધોરણ આપવા માટે માગણી કરી હતી. આ પગાર ધોરણ માન્ય કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.

**(૧૪) તલાવડી વિસ્તારમાં પાણીની સુવિધા:**

વાસણા રોડના તલાવડી વિસ્તારના રહીશોએ તા.૨૪.૮.૦૫ના રોજ રસ્તા અને પાણીના નિકાલ અંગેની સુવિધાઓ પ્રાપ્ય બનાવવા માટે માગણી કરી હતી. આ અંગે બેઠકમાં ત્રણ બાબતો વિચારવામાં આવી હતીઃ (અ) તલાવડીનું પાણી રહેણાંક વિસ્તારમાં ઘૂસી ન જાય તે માટે આડબંધ અથવા પાકી દિવાલ બનાવવાની માગણી કરવામાં આવી હતી. પાલિકાએ ઠરાવ્યું હતું કે આ તલાવડી વિસ્તાર ખાનગી માલિકીની જમીનનો હોવાથી ત્યાં આડબંધ કે દિવાલ બાંધી શકાય નહિ. (બ) વરસાદી અને ગંદા પાણીના નિકાલ માટે ઢાંકણા સાથેની મોટી નીકો બનાવવા માટે માગણી કરવામાં આવી હતી. પાલિકાએ ઠરાવ્યું છે કે સમગ્ર નગરની ગટર વ્યવસ્થા અંગે જ્યારે આયોજન કરવામાં આવશે ત્યારે આ વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવશે. (ક) પાકા રસ્તા બાંધવા માટે જેમ જેમ ગ્રાન્ટ ઉપલબ્ધ થશે તેમ તેમ કાર્યવાહી કરવામાં આવશે. ખેડબ્રહ્માના ધારાસભ્ય પાસેથી તેમના ફંડમાંથી નાણાકીય સહાય મેળવવામાં આવશે.

**(૧૫) વાજપેયી નગર વિકાસ યોજના:**

વાજપેયી નગર વિકાસ યોજનાના બીજા તબક્કા હેઠળ ૨૦૦૨માં પાઈપલાઈન નાખવા માટેનું કામ રૂ. ૭૨,૯૫૦ના ખર્ચે મંજૂર કરવામાં આવ્યું હતું. પરંતુ આ કામ માટેનું અનુદાન મે-૨૦૦૪ સુધી પ્રાપ્ત થયું નહોતું. આમ, અઢી વર્ષ વીતવાથી કામના ખર્ચમાં વધારો થયો હતો. આથી ઈજારદારે આ કામ હાથ ધરી શકાય તેમ ન હોવાથી અને ટેન્ડરના ભાવમાં મોટા ફેરફાર થઈ ગયા હોવાથી તેમની ડિપોઝિટ પરત માંગી છે. જો કે, રઘુછાયા પાછળના વિસ્તારમાં પાઈપ લાઈનનું કામ મંજૂર થઈ શકે.

## સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના

નગરપાલિકાના મુખ્ય અધિકારીએ એમ જણાવ્યું છે કે સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ જેમણે લાભ લેવો હોય તેઓ નગરપાલિકાની કચેરીમાં પોતાના કૌટુંબિક કાર્ડ સાથે આ યોજનાની શાખામાં સંપર્ક કરી શકે છે. સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબને ધંધો રોજગાર કરવા માટે ધિરાણ અને સહાય આપવામાં આવે છે. મૂળભૂત રીતે આ યોજના સ્વરોજગારી મેળવવા માટે ઉત્સુક એવા લોકો માટે છે. જે પરિવારનું નામ બીપીએલની યાદીમાં હોય તેઓ આ યોજનાનો લાભ મેળવવા માટે હકદાર છે.

### નગરી નગરી દ્વારે દ્વારે

## ઝૂંપડાવાસીઓ માટે જમીનની સનદ મેળવવાના પ્રયાસો

'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા ખેડબ્રહ્મા નગરના વોર્ડ નં-૪માં જમીનની સનદ અંગે સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી ચાર વિસ્તારોમાં કરવામાં આવી રહી છે. આ ચારેય વિસ્તારો ઝૂંપડપટ્ટી વિસ્તારો છે. આ વિસ્તારોમાં ઈન્દિરાનગર (કોલેજ પાછળનો વિસ્તાર), ચાંપલપુર, બીએસએનએલ ટાવર પાછળનો વિસ્તાર અને ક્ષીરજાંબાની બાજુનો વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં જેઓ વસે છે તેમાંના કેટલાક લોકોની પાસે જે જમીન છે તે કાયદેસર નથી એટલે કે તેમને જમીનની સનદ પ્રાપ્ત થઈ નથી. આ લોકોને જમીનની સનદ

પ્રાપ્ત થાય તે માટે અને તેઓ કાયદેસરના જમીનના હકદાર બને તે માટે 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ પ્રયાસોના ભાગરૂપે 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં અત્યાર સુધીમાં ૧૫૦ પરિવારોનો સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વેમાં જાણવા મળ્યું છે તે મુજબ આ વિસ્તારોમાં મોટે ભાગે બજાણિયા, તડવી, વસાવા, સલાટ, વાઘરી અને ભરથરી વગેરે જાતિના લોકો વસે છે. તેમની જમીન જો કાયદેસર કરવામાં આવે તો તેમને નગરપાલિકા તરફથી પાણી, વીજળી, રસ્તા, ગટરલાઈન વગેરે સેવાઓ પ્રાપ્ત થઈ શકે. તેમણે એવી પણ તૈયારી બતાવી છે કે જો સરકાર આ માટે તેમના પ્લોટની રકમ નક્કી કરે તો તેઓ વાજબી રકમ ભરવા માટે પણ તૈયાર છે.

૧૯૭૩માં હરણાવ નદીમાં જ્યારે ભારે પૂર આવ્યું ત્યારે તેઓ વાસણા ગામમાંથી સ્થળાંતર કરીને આ વિસ્તારોમાં વસવા આવ્યાં હતાં. આમ, તેઓ આ વિસ્તારમાં લગભગ ૩૨ વર્ષથી રહે છે અને છતાંય તેમના નામે જમીન કાયદેસર કરવામાં આવી નથી. મોટે ભાગે તેઓ છૂટક મજૂરી અને ખેત મજૂરી કરીને જીવન પસાર કરે છે.

આ અગાઉ તેમની રહેણાક જમીન કાયદેસર કરવા માટેની રજૂઆત આ વિસ્તારોના રહીશોએ પોતે પણ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર છેક ૧૯૯૬ના એપ્રિલથી આ અંગેની રજૂઆતો આ રહીશો કરતા આવ્યા છે. મુખ્ય મંત્રી, કલેક્ટર, વિસ્તારના ધારાસભ્ય અને મહેસૂલ પ્રધાન તથા કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના અધિક સચિવ સહિત અનેક લોકો સમક્ષ તેમણે રજૂઆતો કરી છે. આ રહીશોમાં મોટા ભાગના આદિવાસીઓ છે અને તેઓ કાચાં છાપરાં બાંધીને રહે છે. તેને પરિણામે તેમને નગરપાલિકામાંથી સુવિધાઓ પ્રાપ્ત થતી નથી. આ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે તેમની જમીન કાયદેસરની બને તે જરૂરી છે. 'નાગરિક સહયોગ કેન્દ્ર' સ્થાનિક રહીશોના સહકાર સાથે આ કામગીરી આગળ વધારી રહ્યું છે.

**સરકારી યોજના**

## ઈન્ડિયા ડેવલપમેન્ટ ફંડ

આ એક ખાનગી ઈક્વીટી ફંડ છે. તે ૧૦ વર્ષ માટે છે. ભારત સરકારના નાણાં મંત્રાલયના ટેકાથી તેની સ્થાપના કરવામાં આવી છે. આ વેન્ચર કેપિટલ ફંડ બજારમાં નહિ નોંધાયેલી કંપનીઓમાં રોકાણ કરવા માટે છે. આ કંપનીઓ ગ્રાનફીલ્ડ કે બ્રાઉનફીલ્ડ માળખાગત વિકાસની પરિયોજનાઓની કંપનીઓ હશે. આમાં વીજળી, ટેલિકોમ, રસ્તા, વિમાની મથકો, બંદરો, રેલવે શહેરી વિકાસ, ખેતી અને ગ્રામ વિકાસ સંબંધી માળખાગત સવલતો, પેટ્રોલિયમ ઉદ્યોગ અને ટેક્નોલોજીના માળખાનો વિકાસ વગેરે ક્ષેત્રોનો સમાવેશ કરાયો છે. IDFC દ્વારા આ ફંડનું સંચાલન થશે. તે ૧૦૦૦ કરોડ રૂ.નું ભંડોળ હશે. IDFC એ લગભગ ૯૦૦ કરોડ રૂ. ઊભા કર્યા છે. તેમાં મુખ્ય રોકાણકારો IDFC, SBI, LIC, યુનિયન બેંક, બેંક ઓફ બરોડા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, PNB, SIDBI અને GIC જેવી ભારતની નાણાં સંસ્થાઓ હશે. ૩૦ કરોડ રૂ.થી ૧૫૦ કરોડ રૂ. નું રોકાણ કરાશે અને તેમાં કોઈ કંપનીમાં ૧૫થી ૪૯ ટકા જેટલું રોકાણ કરાશે. ફંડ બોર્ડમાં સભ્ય હશે અને સંચાલન સમિતિઓમાં પણ સભ્ય હશે અને એ રીતે તે સક્રિય ભૂમિકા ભજવશે.

## લઘુ અને મધ્યમ સાહસ ફંડ

નાનાં અને મધ્યમ સાહસો માટે ખાસ આ ફંડની સ્થાપના કરવામાં આવી છે. આ ફંડ કેન્દ્ર સરકાર દ્વારા ૧.૪.૨૦૦૪થી શરૂ થયું છે. આ ફંડ માળખાગત સવલતોના ક્ષેત્ર સહિતનાં તમામ નાનાં અને મધ્યમ સાહસો માટે ભંડોળ પૂરું પાડે છે. બે વર્ષમાં તે માટેનાં નાણાંની વહેંચણી કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI) આ ફંડનું સંચાલન કરશે. તેની રકમ આરંભમાં રૂ. ૧૦,૦૦૦ કરોડ હશે. સિડબી આંતરિક રીતે અને ધિરાણ મારફતે ૪૦૦૦ કરોડ રૂ. આપશે અને ૧૨૦૦ કરોડ રૂ. એવી વિદેશી બેંકો પાસેથી મેળવશે.બાકીનાં નાણાં વિવિધ સ્રોતોમાંથી મેળવવામાં આવશે. તેમાં પ્રાથમિકતા ક્ષેત્ર અને મૂડી લાભ બોન્ડ જારી કરવાનો, વિદેશી વ્યાપારી ધિરાણ મેળવવાનો અને બહુપક્ષીય સહાય મેળવવાનો સમાવેશ થાય છે. ૯.૫ ટકાના વ્યાજના દરે ધિરાણ આપશે. સિડબીનો પ્રાઈમ લેન્ડિંગ રેટ ૧૧.૫ ટકા છે. એટલે તેનાથી બે ટકા ઓછા વ્યાજના દરે ધિરાણ અપાશે.

## ઈન્ડિયા પાવર ફંડ

ફેબ્રુઆરી-૨૦૦૪માં પાવર ફાયનાન્સ કોર્પોરેશન (PFC) દ્વારા આ ફંડની શરૂઆત કરાઈ છે. મુખ્યત્વે વીજ ઉત્પાદન માટેની પરિયોજનાઓમાં ઈક્વીટી મૂડી તરીકે આ ફંડનો ઉપયોગ કરાશે. પણ વીજળીના ટ્રાન્સમિશન અને વિતરણને પણ ટેકો આપવામાં આવશે. IPFનું સંચાલન અલગ રીતે ટ્રસ્ટી કંપની અને એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા કરવામાં આવશે. આરંભની તેની રકમ રૂ. ૫૦૦ કરોડ છે. PFC સરકારની સાથે સાથે રૂ. ૨૦૦ કરોડની વીજ મૂડી આ ફંડ માટે આપશે. PFC બાકીની રકમ માટે IDBI, ICICI, IFCI, SBI, BOB વગેરે જેવી બેંકો અને નાણાં સંસ્થાઓ સાથે વાટાઘાટો ચલાવી રહી છે. ઉપરાંત, તે વિશ્વ બેંક અને એશિયન વિકાસ બેંક (ADB) સાથે પણ તે માટે મંત્રણા કરી રહી છે. ભારત સરકાર આ ફંડ માટે તેનો ફાળો ઊભો કરવા માટે બે પ્રકારના વિકલ્પો વિચારે છે. પ્રથમ વિકલ્પ વીજળી ઉપર સેસ નાખવાનો છે, અથવા તો તેલ, ગેસ, અને કોલસા ઉપર સેસ નખાય કે જે રીતે કેન્દ્રીય માર્ગ નિધિ (CRF) માટે સેસ નાખવામાં આવ્યો છે. તેમાં ગેસોલિન અને ડીઝલ ઉપર રસ્તા અને ધોરી માર્ગોના બાંધકામ માટે નાણાં ઊભાં કરવા સેસ નાખવામાં આવ્યો છે.

**સરકારી નીતિ**

## રોજગાર બાંયધરીમાંથી શહેરી ગરીબો બાકાત

ભારતની સંસદે થોડા સમય અગાઉ રોજગાર બાંયધરી ધારો ઘડ્યો છે. આ કાયદો ગ્રામ વિસ્તારોમાં રોજગારની બાંયધરી ઊભી કરશે. એટલે કે જેઓ આ કાયદા હેઠળ પોતાનું નામ નોંધાવશે તેમને સરકાર વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડશે. જો સરકાર રોજગારી પૂરી નહિ પાડી શકે તો લઘુતમ વેતનની અર્ધી રકમ તેટલા દિવસ માટે ભથ્થા તરીકે પૂરી પાડશે. ગ્રામ વિસ્તારોમાં ગરીબીની રેખા નીચે જીવતાં પરિવારોને આ યોજનાનો લાભ મળશે.

જો કે, આ સમગ્ર કાર્યક્રમમાંથી શહેરી ગરીબોને બાકાત રાખવામાં આવ્યા છે. પરંતુ શહેરોમાં ગરીબી નથી એવું તો નથી જ. શહેરોમાં ગરીબીનું પ્રમાણ ૧૯૯૯-૨૦૦૦માં ૧૯.૯ ટકા હતું જે ૧૯૯૩-૯૪માં ૩૧.૪ ટકા હતું. નાનાં નગરોમાં આ પ્રમાણ આ જ ગાળા દરમ્યાન ૩૬.૨ ટકાથી ઘટીને ૨૪.૨ ટકા થયું, મધ્યમ કક્ષાનાં નગરોમાં એ ૩૨.૨ ટકાથી ઘટીને ૨૦.૪ ટકા થયું અને મોટાં નગરોમાં તે ૨૨.૬ ટકાથી ઘટીને ૧૪.૨ ટકા થયું. આ અંદાજો 'નેશનલ સેમ્પલ સર્વે' (એનએસએસ)ના વપરાશી ખર્ચના ૫૦મા અને ૫૫મા રાઉન્ડના સર્વેને આધારે મૂકવામાં આવ્યા છે. શહેરોમાં બેકારીનું પ્રમાણ ગ્રામ વિસ્તારો કરતાં વધારે છે. ૧૯૯૩-૯૪માં ગ્રામ વિસ્તારોમાં ૧.૨ ટકા બેકારી હતી અને તે વધીને ૧૯૯૯-૨૦૦૦માં ૧.૫ ટકા થઈ છે. પણ શહેરી વિસ્તારોમાં તે ૪.૫ ટકા હતી અને તે વધીને ૪.૮ ટકા થઈ છે. નાનાં નગરોમાં તે ૩.૯ ટકાથી તેને ૪.૩ ટકા, મધ્યમ કક્ષાનાં નગરોમાં ૪.૯ ટકાથી વધીને ૫.૦ ટકા અને મોટાં શહેરોમાં ૪.૬ ટકાથી વધીને ૫.૦ ટકા થઈ છે. આમ, શહેરી વિસ્તારોમાં બેકારી ગ્રામ વિસ્તારો કરતાં ઘણી વધારે છે, લગભગ ચાર ગણી વધારે છે. તેમ છતાં રોજગાર બાંયધરી ધારાના અમલ માટે શહેરો વિશે વિચારવામાં આવ્યું જ નથી.

## મ્યુનિસિપલ બોન્ડની રકમ બમણી કરવા વિચારણા

ભારત સરકાર નગરપાલિકાઓ દ્વારા બોન્ડ બહાર પાડીને જે રકમ મેળવવામાં આવે છે તે વધારવાનું વિચારે છે. હાલ તેના ઉપર ૫૦ કરોડ રૂ.ની મર્યાદા મૂકવામાં આવી છે અને તે રકમ વધારીને રૂ. ૧૦૦ કરોડ કરવાનું વિચારાઈ રહ્યું છે.

અત્યારે એવી પણ મર્યાદા મૂકવામાં આવી છે કે કોઈ એક પરિયોજનાના કુલ ખર્ચની ત્રીજા ભાગની રકમ જ આવા બોન્ડ ઈસ્યુ કરીને ભેગી કરી શકાય. આ અંકુશ પણ દૂર કરવામાં આવે એવી શક્યતા છે. આ બોન્ડમાં રોકાતાં નાણાંને કરવેરામાંથી મુક્તિ આપવાની જે નીતિ છે તે ચાલુ રહેશે. કેન્દ્ર સરકારનું નાણાં મંત્રાલય અને શહેરી વિકાસ મંત્રાલય આ વિચારણા કરી રહ્યાં છે.

આવક વેરા ધારાની કલમ-૧૦(૧૫)(૭) હેઠળ આ બોન્ડને આવક વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કે, નાણાં મંત્રાલયે તે માટે મંજૂરી આપવાની રહે છે. વડા પ્રધાને 'રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન'ની આ વર્ષે જ જાહેરાત કરી છે. તેનો ઈરાદો શહેરોમાં માળખાગત સવલતોની પરિસ્થિતિ સુધારવાનો છે. ૨૦૦૪-૦૫માં ચેન્નઈ મહાનગરપાલિકાએ રૂ. ૫૦ કરોડ અને રૂ. ૪૪ કરોડના બોન્ડ બહાર પાડ્યા હતા. કર્ણાટક વોટર એન્ડ સેનિટેશન પૂલ્ડ ફંડ ટ્રેસ્ટને પણ રૂ. ૧૦૦ કરોડના બોન્ડ બહાર પાડવા માટે મંજૂરી અપાઈ હતી.

## ગટર સફાઈનાં સાધનો ખરીદવા પાલિકાઓને સહાય

ગુજરાત સરકારે રાજ્યની ૪૪ નગરપાલિકાઓને ગટર સફાઈનાં સાધનો ખરીદવા માટે ૧.૧૩ કરોડની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં ગટરોની સફાઈ કરતા કામદારોનાં થયેલાં મોતના સંદર્ભમાં ભૂતપૂર્વ સાંસદ શ્રી પ્રવીણ રાષ્ટ્રપાલે ગુજરાતની વડી અદાલતમાં કરેલ જાહેર હિતની અરજીના સંદર્ભમાં જે 'એક્શન ટેકન રિપોર્ટ' રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયો છે તેમાં વિગત આપવામાં આવી છે. અગાઉ વડી અદાલતે શહેરી વિકાસ સચિવના નેજા હેઠળ બેઠક બોલાવવા અને ગટર સફાઈ માટેનાં જરૂરી સાધનો ખરીદી ગટરની સફાઈ મશિન દ્વારા જ કરાવવા રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો. 'એક્શન ટેકન રિપોર્ટ'માં જે વિગતો અપાઈ છે તે મુજબ આ આદેશનું અસરકારક પાલન થાય તે માટે સંબંધિત તમામ વિગતો સાથે સોગંદનામું રજૂ કરવા માટે પણ વડી અદાલતે ગુજરાત રાજ્ય સરકારને જણાવ્યું હતું.


**વધુ માહિતી માટે સંપર્ક**

પ્રમુખ અને ચીફ ઓફિસર
**ખેડબ્રહ્મા નગરપાલિકા**
ખેડબ્રહ્મા
ફોન નં: ૦૨૭૭૫-૨૨૦૦૨૧

**નાગરિક સહયોગ કેન્દ્ર**
(ઉન્નતિ અને ખેડબ્રહ્મા નગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ)
ખેડબ્રહ્મા નગરપાલિકા
ખેડબ્રહ્મા.

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોન: (૦૭૯) ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬, ફેક્સ: ૨૬૭૪૩૭૫૨



*ફક્ત અંગત વિતરણ માટે*